# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૪/ક્વા-૪/૨૦-૨૧/૩૯૭૨-૧ તા.૨૯.૦૬.૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૪/ક્વા-૪/૨૦-૨૧

અરજદાર: **સાગરભાઈ પોકીયા** ગામ: **રાજકોટ**
**પેટા** વિભાગીય કચેરી : વાવડી
રજૂઆત કરનાર: **અરજદાર સાગરભાઈ પોકીયા અને તેમની સાથે હર્ષિલભાઈ પોકીયા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી પી.જે.મહેતા પીજીવીસીએલ વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૫-૦૬-૨૧ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૦-૦૩-૨૦૨૧ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. અરજદાર પક્ષકાર તરફથી **સાગરભાઈ પોકીયા હાજર રહેલ હતા તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી** શ્રી એસ.જી.સોજીત્રા નાયબ ઈજનેર (ટેક) પીજીવીસીએલ વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩ હાજર રહેલ હતા. ત્યારબાદ સદર કેઈસની વધુ સુનાવણી તા.૨૫-૦૬-૨૧ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે તેઓ વાવડી પેટા વિભાગીય કચેરી હેઠળ – વાવડી ઇન્ડસ્ટ્રીયલ એરિયા ખાતે – ફાલ્કન પંપ ની બાજુમાં – ક્નેયા ચોક - ૧૧ કેવી નિજાનંદ ફીડર હેઠળ શ્રી ખોડલ એન્ટરપ્રાઈઝ નામે ઔદ્યોગીક વીજજોડાણ ધરાવે છે અને પ્લાસ્ટિકની વસ્તુઓનું ઉત્પાદન કરે છે. સદર વીજજોડાણ ૧૧ KV**

નિજાનંદ ફીડર હેઠળ આવે છે. સદર ફીડરમાં દરરોજ લગભગ ૦૧(એક) કલાક માટે પાવર કટ થાય છે જેના લીધે અરજદારને ઘણી નુકશાનીનો સામનો કરવો પડે છે જેથી સદર ફીડરમાં સાતત્યપૂર્ણ વીજપુરવઠો મળી રહે તે માટે અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે - પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે ૧૧ કેવી નિજાનંદ ફીડરમાં છેલ્લા ત્રણ માસનાં વીજવિક્ષેપો ની સંખ્યા નીચે મુજબ છે.

| મહિનો-વર્ષ | ESD | PSD | TT | ટોટલ |
|---|---|---|---|---|
| ડીસેમ્બર-૨૦ | ૪ | ૫ | 0 | ૯ |
| જાન્યુઆરી-૨૧ | ૪ | ૩ | ૧ | ૮ |
| ફેબ્રુઆરી-૨૧ | ૧ | ૨ | 0 | ૩ |
| ટોટલ | ૯ | ૧૦ | ૧ | ૨૦ |

૧૧ કેવી નિજાનંદ ફીડર જે વિસ્તારમાંથી પસાર થાય છે તે વિસ્તારો અત્યંત વિકાસશીલ છે. નવીન વિજજોડાણો તેમજ લોડ વધારાની કામગીરી ખુબજ રહે છે આથી નવા નેટવર્કને જોડવા માટે વિજપુરવઠો બંધ કરવો પડતો હોય છે. તેમજ ફેઈલ ટ્રાન્સફોર્મર બદલાવવા માટે પણ વિજપુરવઠો બંધ કરવો પડતો હોય છે. વધુમાં જણાવવાનુંકે આર.એમ.સી દ્વારા સદર વિસ્તારોમાં રસ્તાના ખોદકામ વખતે ૧૧ કેવી અન્ડર ગ્રાઉન્ડ કેબલ ડેમેજ થવાથી તા.૧૪.૧૨.૨૦૨૦ ના રોજ વિજપુરવઠામાં વિક્ષેપ પડેલ તેમજ તા.૨૪.૦૧.૨૧ તેમજ તા.૨૩.૦૨.૨૧ના રોજ ૧૧ કેવી એબી કેબલ ફેઈલ થવાથી વિજવિક્ષેપ થવા પામેલ હતો.

વિજપુરવઠો સતત જળવાઈ રહે તે માટે એચટી-૩ પેટા વિભાગીય કચેરી તેમજ વાવડી પેટા વિભાગીય કચેરીએ પુરા પ્રયત્નો કરે છે. તાજેતરમાં તા.૦૩.૦૩.૨૧ ના રોજ સમગ્ર ફીડરનું માસ મેઈન્ટેનન્સ કરવામાં આવેલ છે આથી હવે પછી ૧૧ કેવી નિજાનંદ ફીડરમાં વિજવિક્ષેપ રહિત સાતત્યપૂર્ણ વિજપુરવઠો મળી રહેશે.

3.૧ ફોરમ કમિટીની સુનાવણી તા.૧૦-૦૩-૨૦૨૧ ના અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિજાનંદ ફીડરના માહે ૦૧-૦૩-૨૧ થી ૧૯-૦૬-૨૧ સુધીના વીજવિક્ષેપોની વિગતની નીચે મુજબ માહિતી રજુ કરેલ છે.

| Sr. No. | Start Date | End Date | Type Inter. | From | To | Duration (HH:MM) | Reason | Corrective Action Taken |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 03-03-21 | 03-03-21 | PSD | 7:10 | 13:20 | 6:10 | JUMPER AND STRINGING | MAINTENANCE WORK |
| 2 | 10-03-21 | 10-03-21 | PSD | 12:30 | 13:45 | 1:15 | NEW ND WORK | NEW TC WORK |
| 3 | 31-03-21 | 31-03-21 | PSD | 12:00 | 13:40 | 1:40 | TC REPLACEMENT WORK | NEW TC REPLACED |
| 4 | 28-04-21 | 28-04-21 | PSD | 13:15 | 13:55 | 0:40 | TC REPLACEMENT WORK | NEW TC REPLACED |
| 5 | 01-05-21 | 01-05-21 | PSD | 7:55 | 8:10 | 0:15 | TO REMOVE BIRD FAULT | PIN INS. PROVIDED |
| 6 | 04-05-21 | 04-05-21 | PSD | 7:10 | 8:00 | 0:50 | TC REPLACEMENT WORK | WORK DONE BY VAVDI SDN |
| 7 | 10-05-21 | 10-05-21 | TT | 8:00 | 8:05 | 0:05 | Over Current | ----- |
| 8 | 11-05-21 | 11-05-21 | PSD | 6:45 | 7:25 | 0:40 | TC REPLACEMENT WORK | NEW TC REPLACED |
| 9 | 17-05-21 | 17-05-21 | ESD | 8:00 | 8:40 | 0:40 | JUMPER BURNT | NEW JUMPER DONE |
| 10 | 19-05-21 | 19-05-21 | ESD | 14:10 | 14:30 | 0:20 | JUMPER BURNT | NEW JUMPER DONE |
| 11 | 26-05-21 | 26-05-21 | ESD | 11:40 | 12:25 | 0:45 | FEEDER TRIP | BIRD FAULT REMOVE |
| 12 | 27-05-21 | 27-05-21 | PSD | 6:30 | 7:30 | 1:00 | TC WORK | TC REPLACEMENT WORK |
| 13 | 09-06-21 | 09-06-21 | ESD | 12:50 | 13:20 | 0:30 | JUMPER WORK | NEW JUMPER DONE |

**વધુમાં અરજદારની રજૂઆત અનુસંધાને ઉર્જામિત્ર વેબ પોર્ટલમાં અરજદારનું વીજ જોડાણ ગ્રાહક નં – ૩૪૫૧૪-૦૬૪૯૩-૯ માં અરજદારનો મોબાઈલ નંબર અપડેટ થઈ ગયેલ હોવાથી વીજપુરવઠાના પ્લાનિંગ શટડાઉન અંગે ની જાણકારી એસ.એમ.એસ. દ્વારા અરજદારને મળશે.**

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ **અરજદાર કોટડીયા ચંદ્રેશભાઈ રતિલાલ ના નામે ગ્રાહક નં – ૩૪૫૧૪- ૦૬૪૯૩-૯ થી ૧૩ કીવો નું એન.આર.જી.પી. વીજજોડાણ ફાલ્કન પંપ ની બાજુમાં – પટેલ ચોક - ૧૧ કેવી નિજાનંદ ફીડર હેઠળ વીજજોડાણ ધરાવે છે. અરજદારની રજૂઆત મુજબ સદર જગ્યા તેઓએ ખરીદેલ છે પરંતુ નામ બદલી ની કાર્યવાહી કરેલ નથી. અરજદાર - શ્રી ખોડલ એન્ટરપ્રાઈઝના નામે પ્લાસ્ટિક મેન્યુફેકચરીંગ નું યુનીટ ધરાવે છે. અરજદારની ફરિયાદ મુજબ તેઓને સાતત્યપૂર્ણ વીજપુરવઠો મળતો ન હોય – અરજદારને મેન્યુફેકચરીંગ લોસ જતો હોય - અરજદારે સાતત્યપૂર્ણ વીજપુરવઠો મેળવવા માટે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.**

૪.૨ **ઉપરોક્ત બાબતે મુદ્દા નં ૩.૦ મુજબ ની વિગતે – અરજદારને સાતત્યપૂર્ણ વીજપુરવઠો મળી રહે તે માટે પુરતી તકેદારી લઈને જરૂરી મેન્ટેનન્સની કામગીરી કરવામાં આવેલ છે. તેમજ અરજદારની રજૂઆત મુજબ વીજપુરવઠો બંધ થવા અંગે ની પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જાણકારી આપવામાં આવતી નથી જે બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારની સમંતિ હેઠળ ઉર્જામિત્ર વેબ પોર્ટલમાં મોબાઈલ નંબર અપડેટ થઇ ગયેલ હોવાથી વીજપુરવઠાના પ્લાનિંગ શટડાઉન અંગે ની જાણકારી એસ.એમ.એસ. દ્વારા અરજદારને અગાઉથી મળશે. તેમજ વાવડી પેટાવિભાગીય કચેરીનું વિભાજનની મંજુરી મુજબ નવી ખોખડદડ પેટાવિભાગીય કચેરી કાર્યરત થયેલ હોય જેનું ફોલ્ટ રીપેરીંગ વિભાગ અલગથી ચાલુ થવાથી – વીજ ફોલ્ટ રીપેરીંગની કામગીરી ઓછા સમયમાં થશે. આમ પીજીવીસીએલ દ્વારા ગ્રાહકલક્ષી અભિગમ રાખવામાં આવે છે તેમ પ્રસ્થાપિત થાય છે.**

૪.૩ **ફોરમ કમિટીની** સુનાવણી તા.૨૫-૦૬-૨૧ દરમ્યાન અરજદારની મૌખિક રજૂઆત મુજબ તેઓ પીજીવીસીએલની કામગીરીથી સંતુષ્ટ છે. તેમજ ભવિષ્યમાં **સાતત્યપૂર્ણ વીજપુરવઠો મળી રહે તે માટે સમયાંતરે સદર ફીડરમાં જરૂરી સર્વે કરીને – જરૂર જણાય ત્યાં મેન્ટેનન્સની કામગીરી કરવા પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામાં આવે છે.**

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૩ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૫ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (એન.એચ.જોષી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯